an ISO certified company

FUELING THE GROWTH

# જી.એમ.ડી.સી.ના અગાઉથી નોંધાયેલા તેમજ નવા બ્રિક્સ ઉત્પાદક યુનીટ ધારકોને વર્ષ ૨૦૨૦-૨૧ની સિઝન દરમિયાન લિગ્નાઇટ મેળવવા બાબત

જી.એમ.ડી.સી.માં અગાઉ નોંધાયેલા તેમજ માત્ર નવેમ્બર-૨૦૧૯ થી જુન-૨૦૨૦ દરમિયાન લિગ્નાઇટનું લિફ્ટીંગ કરેલ હોય તેવા બ્રિક્સ ઉત્પાદક યુનીટ ધારકોએ વર્ષ ૨૦૨૦-૨૧ માટે લિગ્નાઇટના ક્વોટાની ફાળવણી શરૂ કરાવવા માટે નીચે મુજબની સુચનાઓ અનુસાર ડોક્યુમેન્ટ જમા કરાવવા:

૧) માત્ર અગાઉથી નોંધાયેલા અને નવેમ્બર-૨૦૧૯ થી જુન-૨૦૨૦ દરમિયાન લિગ્નાઇટનું લિફ્ટીંગ કરેલ હોય તેવા બ્રિક્સ ઉત્પાદક યુનીટ ધારકો માટે તેમનું હાલનું Valid GPCB CCA અથવા GPCB Forwarding Letter અથવા ૦૧ વર્ષના ગાળામાં ઇસ્યુ થયેલ GPCB NOC/CTEની સ્વયંપ્રમાણિત નકલ જમા કરાવવી

૨) ઇંટભઠ્ઠો / યુનીટ ચાલુ હોય તે જગ્યાનું બિનખેતી કરાવેલ હુકમની સ્વયં પ્રમાણિત નકલો, તેમજ સંલગ્ન ૭/૧૨ની લેટેસ્ટ સ્વયં પ્રમાણિત નકલ, તેમજ જો જમીન ભાડેથી લીધેલ હોય તો ભાડાકરારની સ્વયં પ્રમાણિત નકલ

3) વર્ષ ૨૦૧૯-૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૧ ની રોયલ્ટી ભર્યાની પહોંચની સ્વયં પ્રમાણિત નકલ

૪) ઉપરાંત જો કોઇ અન્ય વિગતમાં ફેરફાર થયેલ હોય તો તેનો લેટરપેડ પર સ્પષ્ટ ઉલ્લેખ કરી જરૂરી કાગળો અને પુરાવાઓ સહિત મોકલવું દા.ત. GPS, GST, PAN, UAN, FL, DIC, ROC, Bank Account, email ID, Mobile Number etc.

૫) જો કોઇ યુનિટમાં કોઇપણ કારણથી નામફેર થયો હોય, સ્થળ બદલાયું હોય, માલિકીહક બદલાયો હોય તો નવા રજીસ્ટ્રેશનને લાગુ પડતી સુચનાઓ મુજબ નવા ફોર્મ સાથે અરજી કરવી.

૬) પ્રોસેસિંગ ફી રૂ.૧૧૮૦/- સાથે ઉપરમુજબના ડોક્યુમેન્ટ આ સાથેના ગુજરાતી વિગતપત્રક ફોર્મેટમાં વિગતો ભરી જમા કરાવવા. અગાઉથી નોંધાયેલ અને નવેમ્બર-૨૦૧૯ થી જુન-૨૦૨૦ દરમિયાન લિગ્નાઇટનું લિફ્ટીંગ કરેલ હોય તેવા યુનીટ ધારકોએ ફરીથી રજીસ્ટ્રેશન ફી આપવાની રહેશે નહીં.

**નવા ગ્રાહકોએ** રજીસ્ટ્રેશન ફોર્મમાં જણાવ્યા પ્રમાણેની સુચનાઓ મુજબ ડોક્યુમેન્ટ જમા કરાવવાના રહેશે તેમજ ગુજરાતી ફોરમેટ પ્રમાણે પણ વિગતપત્રક આપવાનું રહેશે.

1. માંગેલ દસ્તાવેજ ચેકલિસ્ટમાં ટિકમાર્ક કરવા તેમજ ચેકલિસ્ટ પ્રમાણેના ક્રમમાં જ જમા કરાવવા.
2. માત્ર જે તે ગ્રાહકના નામના જ email ID અને Mobile No. ફરજીયાતપણે જણાવવા.
3. રજીસ્ટ્રેશન ફોર્મમાં માગ્યા મુજબના GPS Coordinates લેવા Android મોબાઇલ ફોનમાં Google Maps એપ્લીકેશનનો ઉપયોગ કરી સાઇટ લોકેશન લેવું.
4. અગાઉ નોંધાયેલા કસ્ટમર આઇડીનો રજીસ્ટ્રેશન ફોર્મમાં ઉલ્લેખ કરવો.(જો હોય તો)
5. ઉપર મુજબની સુચનાઓ સંદર્ભે વધુ મિહતી કે માર્ગદર્શન માટે સંપર્ક નંબર : ૦૭૯-૨૭૯૧૩૨૦૦ એક્ષટેન્શન ૧૭૩૯.

ઉપરમુજબના ડોક્યુમેન્ટ જમા કરાવ્યા બાદ ચકાસણી માટે ૧૫-૨૦ કામકાજના દિવસો સામાન્ય સંજોગોમાં થાય છે અને ત્યારબાદ મંજુર થયેલ ગ્રાહકોને તે પછીના પખવાડીયામાં ક્વોટા ફાળવણી કરવામાં આવે છે. જે અંગેની માહિતી ગ્રાહકના નોંધાયેલ email ID અને Mobile No. પર આપવામાં આવશે, તેમજ વેબસાઇટ પર પણ ક્વોટા ફાળવણીમાં જોઇ શકાશે.

અધુરી માહિતી ભરેલ ફોર્મ, અપુરતા દસ્તાવેજ અથવા સહી-સિક્કા વગરના દસ્તાવેજ, તેમજ ચેકલિસ્ટ પ્રમાણે ક્રમવાર દસ્તાવેજ નહી ગોઠવેલ ફાઇલોનો સીધેસીધો અસ્વિકાર કરવામાં આવશે, જેની નોંધ લેવી.

**સરનામું:**
**LIGNITE SALES DEPARTMENT,7th Floor, GMDC LTD. ‘Khanij Bhavan’,**
**132’ Ft Ring Road,University Ground, Vastrapur, AHMEDABAD - 380 052**

**લિગ્નાઇટ - માર્કેટીંગ અને સેલ્સ ડીપાર્ટમેન્ટ**

GMDC
FUELING THE GROWTH

# અગાઉથી નોંધાયેલા બ્રિક્સ યુનીટ ધારકો માટે ફરજિયાત જમા કરાવવાના કાગળોનું ચેકલિસ્ટ

| ક્રમ | દસ્તાવેજનો પ્રકાર | જોડાણ |
|---|---|---|
| 1 | હાલનું Valid GPCB CCA or GPCB Forwarding Letter અથવા ૦૧ વર્ષના સમયગાળામાં ઇસ્યુ થયેલ GPCB NOC/CTE સ્વયં પ્રમાણિત | |
| 2 | ઇંટભઠ્ઠો / યુનીટ ચાલુ હોય તે જગ્યાનું બિનખેતી કરાવેલ હુકમની સ્વયં પ્રમાણિત નકલો | |
| 3 | ૭/૧૨ની લેટેસ્ટ સ્વયં પ્રમાણિત નકલ | |
| 4 | જો જમીન ભાડેથી લીધેલ હોય તો ભાડાકરારની સ્વયં પ્રમાણિત નકલ | |
| 5 | વર્ષ ૨૦૧૯-૨૦ ની રોયલ્ટી ભર્યાની પહોંચની સ્વયં પ્રમાણિત નકલ | |
| 6 | વર્ષ ૨૦૨૦-૨૧ ની રોયલ્ટી ભર્યાની પહોંચની સ્વયં પ્રમાણિત નકલ | |
| 7 | ગુજરાતી વિગતપત્રક (નોટરી કરાવેલ) બધા જ કોલમમાં વિગતો ભરેલ હોય તો જ સ્વિકાર્ય | |
| 8 | પ્રોસેસિંગ ફી રુ.૧૧૮૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ | |